આપણું પોતાનું અખબાર

કામ કરનાર કદર કરનારની
રાહ જોતો નથી
- તિરૂવલ્લુવર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૯૫ | ૨૫ સપ્ટેમ્બર, ૨૦૧૩, બુધવાર; ભાદરવા વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ઘર નંબર આપવાની દરખાસ્ત પરત

### મનપાની સ્થાયી સમિતિએ દરખાસ્ત કમિશ્નરને પરત મોકલી નિર્ણય કરવા નિર્ણય

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરની મિલ્કતોને ઘર નંબર આપવાની યોજના હાલ પુરતી સ્થગિત કરી અને તે દરખાસ્ત કમિશ્નરશ્રીને પરત મોકલવાનો નિર્ણય સ્થાયી સમિતિએ કર્યો છે.

ગઈકાલે ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠકમાં ચર્ચા વિચારણાને અંતે આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

મળતી વિગતો પ્રમાણે આ યોજના અંતર્ગત દરેક મકાનને અલાયદો ઘર નંબર તેની ઓળખ આપવાનો હેતુ હતો. હાલ ગાંધીનગરમાં વિકાસ જે ઝડપથી થઈ રહ્યો છે તેને ધ્યાને રાખી તેમજ શહેરના વસાહતીઓ પર નવો કોઈ પણ પ્રકારનો આર્થિક બોજ નહિ લાદવાના હેતુસર સ્થાયી સમિતિએ આ નિર્ણય કર્યો છે.

ગયા મહિને મળેલ સ્થાયી સમિતિએ કેટલીક વિસ્તૃત વિગતો માટે આ બાબત નવી બેઠક સુધી મુલ્તવી રાખી હતી. આ વખતે સ્થાયી સમિતિની મળેલ બેઠકમાં આ નિર્ણય સ્થગિત કરી અને કેટલીક વધુ વિગતો આ યોજનામાં સમાવેશ કરવો જોઈએ તેવું કારણ રજુ કરી કમિશ્નરને દરખાસ્ત પરત મોકલી છે.

કમિશ્નરશ્રી દ્વારા રજુ કરાયેલી દરખાસ્ત પ્રથમવાર સ્થાયી સમિતિ દ્વારા પરત મોકલવામાં આવતા આ મુદ્દે કોર્પોરેશનના તંત્રમાં સન્નાટો વ્યાપેલો જોવા મળી રહ્યો છે.

## વરસાદે પોરો ખાધો



(તસવીર : દિપક જાની)

આકાશમાં કાળા ઘેરાયેલા વાદળો છે પરંતુ વરસાદે આજે આખો દિવસ પોરો ખાધો હતો. છેલ્લા ૨૪ કલાકમાં માત્ર ૮ મી.મી. વરસાદ જ નોંધાયો હતો. ગઈ કાલે ધોધમાર વરસાદ પડયા બાદ આજે વરસાદ બંધ રહ્યો હતો. આકાશમાં વાદળો ઘેરાયેલા રહ્યા હતા પરંતુ એકાદ-બે ઝાપટાને બાદ કરતા વરસાદ બંધ રહ્યો હતો. ગઈ કાલે રાત્રે ૬ મી.મી. અને આજે સવારે માત્ર ૨ મી.મી. વરસાદ પડયો હતો. આમ છેલ્લા ૨૪ કલાક દરમિયાન માત્ર ૮ મી.મી. વરસાદ પડયો હતો. વરસાદી વાતાવરણના કારણે તાપમાન નીચું આવ્યું છે. આજે મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૪.૫ ડિ.સે. નોંધાયું હતું. જયારે ભેજનું પ્રમાણ સવારે ૯૬ ટકા અને સાંજે ૧૦૦ ટકા રહ્યું હતું.

## બિન ઉત્પાદકીય ખર્ચ ધરાવતી યોજનાઓની અમલવારી અંગે ખાસ સમીક્ષા કરાશે

### શિક્ષણને ગુણવત્તાસભર બનાવી સુધારાત્મક કામગીરી કરવા માટે પણ વિશેષ આગ્રહ કરતા ડી.ડી.ઓ. દરેક વિભાગોના અધિકારીઓને લક્ષ્યાંક સિદ્ધિની સફળતાને લઈ ટૂંકી નોંધ પણ રજુ કરવા માટે જણાવાયું

ગાંધીનગર, તા. ૨૪

બિન ઉત્પાદકીય ખર્ચ કરાવતી યોજનાઓ તૈયાર કરવાનું તંત્રના અધિકારીઓ ટાળે અને કલ્યાણ યોજનાઓના અસરકારક અમલીકરણ અંગે પોતાનું ધ્યાન કેન્દ્રીત કરે તેવો કડક આગ્રહ આજે જિલ્લા વિકાસ અધિકારીશ્રી વિકટર મેકવાને કર્યો છે.

પંચાયતમાં જિલ્લા વિકાસ અધિકારી તરીકેનો હોદ્દો સંભાળ્યા બાદ આજે અધિકારીઓ સાથેની સમીક્ષા બેઠક દરમ્યાન તેમણે આ કડક તાકીદ કરી હતી.

શ્રી મેકવાને જણાવ્યુ હતુ કે શિક્ષણની ગુણવત્તા સુધારણા ઝુંબેશને વધુ સઘન બનાવવામાં આવશે અને આ માટે ખાસ અભિયાન પણ જિલ્લામાં યોજવા પર તેમણે ભાર મુક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે સરકારની કલ્યાણકારી યોજનાઓના અસરકારક અમલીકરણની સાથે સાથે લક્ષ્યાંક સિદ્ધિ જ નહિ પરંતુ ગુણત્તાસભર સેવાઓ છેવાડાના માનવી સુધી પહોંચે તે જોવામાં આવશે.

તેમણે આજની સમીક્ષા બેઠકની સાથે સાથે પંચાયતની મળનારી સામાન્ય સભા અંગે તંત્ર દ્વારા કરાયેલી તૈયારીઓ વિશે પણ જાણકારી મેળવી હતી.

જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ આજે અધિકારીઓ સાથેની પ્રથમ બેઠકમાં જ બિન ઉત્પાદકીય યોજનાઓની અમલવારીને લઈ તેઓ આગામી દિવસોમાં અલાયદી બેઠક મળનાર છે. તેમણે દરેક વિભાગોના અધિકારીઓને લક્ષ્યાંક સિદ્ધિની સફળતાને લઈ ટૂંકી નોંધ પણ રજુ કરવા માટે જણાવ્યું છે.

શ્રી મેકવાને ગુણોત્સવના પરિણામમાં આવેલા ગુણાત્મક સુધારાથી સંતોષ નહિ પણ પાટનગર સાક્ષરતાંમાં જેમ અગ્ર ક્રમે છે તેમ શિક્ષણ સેવાઓના સઘનીકરણની સાથે સાથે ગુણવત્તાસભર શિક્ષણ બાળકોને પ્રાપ્ય થાય તે જોવા વિશેષ આગ્રહ કર્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે ઓછા ખર્ચે વધુ લોકો સુધી કલ્યાણનો લાભ પહોંચે તે પણ જોવામાં આવશે. તેમણે વહીવટીતંત્રમાં પણ આધુનિકરણનો આગ્રહ કરી પંચાયતના જે કર્મચારીઓને શ્રી સીની તાલિમ બાકી હોય તેમને ઝડપથી તાલિમ બદ્ધ થાય તે રીતે આયોજન કરવા માટે પણ વિશેષ ટકોર કરી હતી.

આજની આ બેઠકમાં પંચાયતના શાખાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. નવા વરાયેલા જિલ્લા વિકાસ અધિકારીના કડક વલણને લઈ આજે પંચાયતના વર્તુળોમાં સન્નાટો વ્યાપેલો જોવા મળતો હતો.

## જયરામ રમેશના વિધાનો સત્યથી વેગળા છે

ગાંધીનગર, તા.૨૪

ભૂમિ અધિગ્રહણના કાયદા અંગે કેન્દ્રીય મંત્રી જયરામ રમેશે ગુજરાત સરકારે ઉપર જુઠ્ઠાણાની ભરમાર ફેલાવી છે તેને સીધો પડકાર કરતાં પ્રવક્તા મંત્રીઓએ જણાવ્યું કે ગુજરાતમાં ઔદ્યોગિક સુમેળ-શાંતિ અને કુશળ માનવસંશાધન સહિત વિકાસનું જે શ્રેષ્ઠ વાતાવરણ પ્રવર્તમાન છે તેના કારણે ગુજરાતમાં મોટાપાયે ઉદ્યોગો સ્થપાઈ રહ્યા છે. મારૂતિ અને અન્ય મોટરકારના ઉદ્યોગોના પ્રોજેક્ટ માટે ગુજરાત સરકારે આ કંપનીઓને યોગ્ય કિંમતે જ જમીન ફાળવી છે. અને સરકારી બિનઉપજાઉ પડતર જમીનો અપાયેલી છે. ગુજરાત એક જ એવું રાજ્ય છે જ્યાં ખેડૂતોને પણ જમીન સંપાદન માટે વિશ્વાસમાં લઈ વ્યાજબી કિંમત ચુકવીને સહમતિથી જમીન સંપાદનની નીતિ અપનાવાય છે. જયરામ રમેશ જે આક્ષેપો કરે છે તે ઉદ્યોગો માટે પણ જે અન્ય જમીનો અફાઈ છે તેમાં ૯૦ ટકા જમીનો સહમતિથી અપાઈ છે અને કોઈ ખેડૂતોની જમીન સહમતિ લીધા વગર અપાઈ નથી.

## શિક્ષક વ્યવસાયથી નહી વૃત્તિથી બને છે : પૂ. ભાઈશ્રી

### સમાજમાં શિક્ષક અને સૈનિક સૌથી આદરણીય - માત્ર પુસ્તકોના માધ્યમથી જ્ઞાન અર્જિત ન થાય : શિક્ષકોના પ્રશિક્ષણને ટીચીંગ નહીં લર્નિંગ પ્રોસેસ તરફ પ્રેરિત કરવું પડશે : મોદી

ગાંધીનગર, તા.૨૪

ભારતનું ભવિષ્ય વર્ગખંડમાં તૈયાર થાય છે. શિક્ષક નબળા હોય તો આખો વર્ગ નબળો બને જયારે વ્યવસાયથી નહીં પણ વૃત્તિથી શિક્ષક હોય તે કયારેય નિવૃત્ત થતા નથી. એક અભ્યાસ મુજબ સમાજમાં સૌથી વધારે આદરણીય હોય તો તે સૈનિક અને શિક્ષક છે. તેમ શિક્ષણ-પ્રશિક્ષણ નવચિન્તન શિબિર દરમિયાન કથાકાર રમેશભાઈ ઓઝાએ જણાવ્યું હતું. આ તબક્કે મુખ્યમંત્રીએ પણ ૨૧મી સદીમાં વિશ્વને ઉત્તમ શિક્ષકોની આવશ્યકતા હોવાનું જણાવી શિક્ષકની ગરીમાને આંચ ન આવે તેવું વાતાવરણ સર્જવાનું દાયિત્વ સમાજનું હોવાનું જણાવ્યું હતું.

ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ




ટીચર એજયુકેશનના ઉપક્રમે આજે મહાત્મા મંદિર ખાતે યોજાયેલી શિક્ષણ-પ્રશિક્ષણ નવચિન્તન શિબિર દરમિયાન વિશેષ ઉપસ્થિત કથાકાર રમેશભાઈ ઓઝાએ જણાવ્યું હતું કે શિક્ષકો રાષ્ટ્રનું ઘડતર કરી રહ્યા છે. સૈનિકની જેમ શિક્ષકોએ પણ સમર્પણની ભાવના સાથે આ ક્ષેત્રમાં જોડાવવું જોઈએ. આજના વિદ્યાર્થીઓ બૌધ્ધિક વિકાસની સાથે ભાવનાત્મક રીતે મજબૂત બને તે પણ મહત્વનું છે.

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગર નજીક કોસ્ટગાર્ડનું વડુ મથક સ્થાપવા નિર્ણય

### મુંબઈના આતંકવાદી હુમલા બાદ ગુજરાતના દરિયાકિનારે વધુ સતર્કતા માટે નિર્ણય લેવાયો

ગાંધીનગર, તા.૨૪

દરિયામાં થતી કોઈ પણ પ્રકારની પ્રવૃત્તિ પર કોસ્ટગાર્ડ બાજ નજર રાખે છે. ૨૦૧૧માં મુંબઈ પર થયેલા આતંકી હુમલા બાદ કોસ્ટગાર્ડને વધુ સક્ષમ અને સુસજ્જ બનાવાની તાતી જરુરિયાત ઉભી થઈ છે. ગુજરાત ૧૬૦૦ કિલોમીટરનો લાંબો દરિયાકિનારો ધરાવે છે અને પાકિસ્તાનની નજીક છે ત્યારે ગુજરાતમાં કોસ્ટગાર્ડનું વડુ મથક ઉભું કરવાનો નિર્ણય લેવાયો છે. ગાંધીનગર નજીક લેકાવાડા ગામે કોસ્ટગાર્ડનું આધુનિક બિલ્ડીંગ તૈયાર થયા બાદ તેનું વડુમથક અહીં ખસેડવામાં આવશે.

ગુજરાતના દરિયાકાંઠે કોસ્ટ ગાર્ડની ટીમ સતત વોચમાં રહે છે. સતત વોચ રાખીને સર્વેલન્સ પણ કરવામાં આવે છે. એર સર્વેલન્સ ઉપરાંત હોવક્રાફટ જેવા અત્યાધુનિક સાધનોનો ઉપયોગ પણ કરવામાં આવી રહ્યો છે. ગાંધીનગર સ્થિત ઈન્ડિયન કોસ્ટ ગાર્ડના નોર્થ વેસ્ટ હેડ કવાર્ટરના આઈ.જી. કુલદીપસિંહે જણાવ્યું કે દરિયામાં થતી હિલચાલ સામે કોસ્ટ ગાર્ડ તમામ રીતે એલર્ટ છે. દરિયામાં સતત એરસર્વેલન્સ કરવામાં આવે છે. આ ઉપરાંત નવા હોવરક્રાફટ અને અન્ય સાધનો વસાવવાનું આયોજન ચાલે છે. આ સિવાય બચાવ કામગીરીમાં પણ ઘણી અસરકારક કામગીરી કરવામાં આવે છે. ગુજરાતમાં કોસ્ટગાર્ડને વધુ અસરકારક બનાવવા માટે ગાંધીનગરના લેકાવાડામાં આધુનિક બિલ્ડીંગ તૈયાર કરવામાં આવી રહ્યું છે. આ માટે રાજય સરકાર દ્વારા ૬૫ એકર જમીન પણ ફાળવવામાં

● અનુસંધાન પાન-૭ પર

## મોદી બુધવાર-ગુરૂવારે ત્રણ રાજ્યની મુલાકાતે

ગાંધીનગર, તા.૨૪

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલ બુધવાર, તા. ૨૫મી સપ્ટેમ્બર ૨૦૧૩ના રોજ ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે કૌશલ્ય વિકાસની રાષ્ટ્રીય પરિષદનું ઉદઘાટન કરી બપોરે મધ્યપ્રદેશના ભોપાલ ખાતે મુખ્યમંત્રિ શિવરાજસિંહ ચૌહાણ દ્વારા આયોજીત ભાજપની રેલી (વિશાળ કાર્યકર્તા મહાકુંભ)ને સંબોધન કરવા ભોપાલ પહોચશે. ભોપાલથી તે જ રાત્રે તેઓ કેરાલા પહોંચશે અને કેરાલા પ્રદેશ ભાજપના આયોજીત બેઠકમાં ભાજપના રાષ્ટ્રીય પ્રચાર સમિતિના અધ્યક્ષ તરીકે કાર્યકર્તાઓનું માર્ગદર્શન કરશે. નરેન્દ્ર મોદી તા. ૨૬મી સપ્ટેમ્બર ૨૦૧૩ને ગુરૂવારના સવારે થિરૂવન્નથપુરમ્ ખાતે પદમનાભ સ્વામી ટેમ્પલના દર્શનાર્થે જઈને ત્યારબાદ મહાત્મા અયન્નકલિન પ્રતિમાને પુષ્પાજલિ અર્પણ કરસે તથા મહારાજ ત્રાવણકોર ખાતે બેઠક કરશે.







